Original Research Paper | History | Volume : 09 | Issue : 03 | March 2024 | e-ISSN : 2456-5040

# ભીલ સેવા મંડળના આજીવન સેવક : શ્રી લક્ષ્મીદાસ શ્રીકાંત

પરમાર ભરતકુમાર કાળુભાઈ [૧], ડૉ. દિલીપકુમાર સી. યાદવ[૨]

[૧] પીએચડી રિસર્ચ સ્કોલર, ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

[૨] એસોસિયેટ પ્રોફેસર, શ્રી કે.આર દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઝાલોદ

૧. પ્રસ્તાવના.

ઈ.સ.૧૯૨૨માં પૂજ્ય ઠક્કરબાપાએ ભીલ સેવા મંડળ દાહોદની સ્થાપના કરી. ભીલ સેવા મંડળની સ્થાપના બાદ મંડળના વિકાસ અને સેવક તરીકે આજીવન સેવકોની જરૂર હતી.મુંબઈમાં વૈભવી જીવન છોડી આદિવાસીઓની સેવા કરવા માટે પૂજ્ય ઠક્કરબાપાની પ્રેરણાથી શ્રી લક્ષ્મીદાસ શ્રીકાંત ભીલ સેવા મંડળમાં જોડાયા અને દુષ્કાળ રાહતના કામમાં જિલ્લાના ગામે-ગામ ફર્યા.પંચમહાલ ઉપરાંત ભારતના અન્ય આદિવાસી વિસ્તારમાં પૂ. ઠક્કરબાપાની દોરવણી મુજબ કાર્ય કર્યું.સ્વરાજ્ય પ્રાપ્તિ બાદ ભારત સરકારના આદિજાતિ ઉત્કર્ષ ખાતાના કમિશ્નર બન્યા. સમગ્ર દેશમાં જુદા જુદા પ્રાંતોમાં મુસાફરી કરીને આદિવાસીઓ અને પછાતજાતિઓની સેવા કરી.આમ,શ્રી લક્ષ્મીદાસ શ્રીકાંતે પોતાનું સમગ્ર જીવન ભારતના આદિવાસીઓ અને અન્ય પછાત જાતિઓના હિતોના રક્ષણ તથા વિકાસ માટે સમર્પિત કર્યું.

૨. પ્રારંભિક જીવન.

ભીલ સેવા મંડળના આજીવન સેવક અને મંડળના ટ્રસ્ટી એવા પૂ.સ્વ.શ્રી લક્ષ્મીદાસ મંગળદાસ શ્રીકાંતનો જન્મ ઈ.સ.૧૮૯૭માં મુંબઈના ગર્ભશ્રીમંત કુટુંબમાં થયો હતો.તેમના માતા-પિતા ચુસ્ત વૈષ્ણવ હોવાથી ભક્તિભાવ, દેવદર્શન, દાનધર્મ, ગીતાપાઠ વગેરે વાતાવરણમાં તેઓ ઊછર્યા હતા.તેથી ધાર્મિક સંસ્કાર તેમને બાળપણથી જ મળ્યા હતા.

મેટ્રિકનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં અભ્યાસ કરી ઈ.સ.૧૯૧૯માં તેઓ આર્ટ્સમાં ગ્રેજ્યુએટ થયા.તેમને સંસ્કૃત ભાષાનો બહોળો અભ્યાસ હતો. બી.એ.ની ડીગ્રી પૂર્ણ કર્યા બાદ તેઓએ એલ.એલ.બીનો અભ્યાસ પૂરો કર્યો.વકીલાતની છેલ્લી પરીક્ષા આપવાના હતા તે દરમિયાન મહાત્મા ગાંધીજીએ ઈ.સ.૧૯૨૦ની સાલમાં બ્રિટિશ સલ્તનત સામે અહિંસક ચળવળ ઉપાડી.સરકારી કોલેજો, સરકારી કોર્ટનો બહિષ્કાર કરવાનો તથા સરકારી નોકરીઓ છોડવાનો પ્રજાને બાપુએ આદેશ આપ્યો.તેની અસરમાં શ્રીકાંતભાઈ આવ્યા અને 'લૉ' નો અભ્યાસ પૂરો થયો હતો છતાં પરીક્ષામાં બેઠા નહીં ને ગાંધીજીએ ઉપાડેલી રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા.[૧]

૩. દેશસેવા કાજે ગૃહત્યાગ.

શ્રીકાંતભાઈ શ્રીમંત કુટુંબમાં ઉછરેલા હોવા છતાં તેમના દિલમાં સેવાના અંકુરો ફૂટી નીકળ્યા હતા.ગાંધીજીનો આદેશ માથા પર લઈ તેમણે રેટિંયા પ્રવૃત્તિ ચાલુ કરી. મુંબઈના ગરીબ નિવાસોમાં જઈ રેટિંયો પર જાતે કાંતતા અને બીજાઓને શીખવતા. મુંબઈમાં ખાદી ભંડારની દુકાન શરૂ કરી.શ્રીમંતાઈના વાઘા ઉતારી દઈ ખાદીના તાકા ખભે નાખી ગલીએ ગલીએ ખાદીનો પ્રચાર કરી વેચાણ કરતા તેમના કુટુંબીઓને એક શ્રીમંતનો દીકરો અભ્યાસ છોડી દઈને ગાંધીજીની અસર તળે આવી વેપારી પેઢી ચલાવવાને બદલે સાધારણ મનુષ્યની માફક મજૂરીનું કામ કરે તે ગમ્યું નહીં. તેમના કુટુંબીઓમાં ખાસ કરી કાકાશ્રી સાથે વિચારભેદ થયો.

દેશભક્તિથી તેમનું હૃદય પ્રફુલ્લિત હતું.તેથી ગમે તેવા ભોગ આપવા પડે તો પણ પોતાના મન સાથે નક્કી કર્યું હતું.શ્રીકાંતભાઈએ પોતાના કાકાશ્રીની આજ્ઞા માન્યા વગર પોતાનું કામ ચાલુ રાખ્યું.તેથી તેમના કાકાએ ઘરમાંથી ચાલ્યા જવાની ફરજ પાડી.તેથી તેમના હૃદયને ભારે આઘાત લાગ્યો.કાકાશ્રીની આજ્ઞા શિરોમાન્ય રાખી પહેરેલાં કપડાંભેર મુંબઈ નગરીનો બંગલો છોડી વિશાળ ક્ષેત્રમાં કાર્ય કરવા ચાલી નીકળ્યા. [૨]

૪. મહાત્મા ગાંધીને પત્ર.

શ્રીકાંતભાઈએ કોલેજકાળમાં પ્રો.પેટ્રીક ગેડીસ જેવા નામાંકિત અધ્યાપકના હાથ નીચે ભણતા ગાંધીજીને પત્ર લખવાની ઈચ્છા થઈ.ફેબ્રુઆરી ૧૯૧૯માં ગાંધીજીને પત્રમાં લખ્યું કે, પૂજ્યપાદ મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી જોગ, મશહુર રોજિંદા પત્ર હિન્દુસ્તાન માં રાષ્ટ્રીય શાળામાં શિક્ષકોની જરૂર છે એવી આપની હાક સાંભળી તેને સત્કારવાની હોંશે આ પત્ર આપને ચરણે ધરું છું.....દેશસેવા, માતૃસેવાનું ઋણ ફેડવાની મારી તીવ્ર ઈચ્છા વ્યવહારરૂપ ધરે અને સત્યાગ્રહ આશ્રમને આપના છત્ર નીચે શિક્ષા દ્વારા ક્રમેક્રમે સેવા ક્ષેત્રે વિસ્તરે, એ મારું અંતિમ લક્ષ્ય છે.તે લક્ષ્ય તરફના પ્રયાસમાં આ પ્રથમ પગથિયું બને તેવી મારી ધારણા છે.[૩]

આમ, તન, મન અને ધનથી આદિવાસીઓની અને નીચલા વર્ગની સેવા કરવા માટે તેઓ તૈયાર હતા અને તેમના મનમાં નક્કી કરી લીધું હતું. આમ,મહાત્મા ગાંધીજીના વિચારોથી તેઓ પ્રભાવિત થયા.

૫. પૂજ્ય ઠક્કરબાપા સાથે મુલાકાત.

એકવાર રેલવે મુસાફરી દરમિયાન પૂજ્ય ઠક્કરબાપા સાથે શ્રીકાંતભાઈને અણધાર્યો ભેટો થઈ ગયો.જાણે એકબીજાને શોધવા નીકળ્યા ન હોય તેમ પૂ. ઠક્કરબાપાને કાર્યકર્તા જોઈતા હતા અને શ્રીકાંતભાઈને રચનાત્મક કામ જોઈતું હતું. ત્યાં બંનેના પ્રશ્નનો ઉકેલ ભગવાને કરાવી આપ્યો. કેટલો સુંદર સુયોગ! અરસપરસની વાતચીતથી પરિચય થતા પૂ.ઠક્કરબાપાએ ગુજરાતના સૌથી પછાત ગણાતા પંચમહાલ જિલ્લામાં આવેલા દાહોદ,તાલુકાના આદિવાસીઓ, ભીલ-પટેલિયા, નાયક વગેરે દુષ્કાળના ભોગ બનવાથી તેમની કરુણા,દયાજનક તથા ઘોર અજ્ઞાન તિમિરથી આવૃત્ત એવી દશાનું તથા શાહુકારી શોષણખોરીનું વગેરેનું ચિત્ર તેમની સમક્ષ રજુ કર્યું તથા તેમની વચ્ચે બેસીને કાર્ય કરવા ભીલ સેવા મંડળ નામની સંસ્થા દાહોદમાં સ્થાપી છે. તેની વાત કરી એ પ્રદેશ જોઈ આવવા પૂ. ઠક્કરબાપાએ શ્રી શ્રીકાંતભાઈને આગ્રહ કર્યો. તેમણે તરત જ હા પાડી. આથી પૂ. ઠક્કરબાપાને ઘણો આનંદ થયો. [૪]

૬. ભીલ સેવા મંડળના આજીવન સેવક તરીકે.

ઈ.સ.૧૯૨૨માં પૂજ્ય ઠક્કરબાપાએ ભીલ સેવા મંડળની સ્થાપના કરી. મંડળની સ્થાપના પછી આજીવન સેવકો પ્રાપ્ત કરવાની ઠક્કરબાપાએ નાખેલી ટહેલના જવાબમાં, ભીલ સેવા મંડળમાં આજીવન સેવક તરીકે લક્ષ્મીકાંત શ્રીકાંત જોડાયા.૫ ભીલ સેવા મંડળ આદિવાસી કલ્યાણના ઉદ્દેશ્યથી સ્થપાયેલું હતું. તેથી લક્ષ્મીદાસ શ્રીકાંતની મુખ્ય પ્રવૃત્તિ આદિવાસી કલ્યાણ બની.મુંબઈના આ ગર્ભશ્રીમંત યુવાને પત્ની સાથે ભાડાના મકાનમાં ઝાલોદ આશ્રમમાં કારકિર્દી શરૂ કરી.શરૂઆતના વર્ષોમાં સવર્ણોની ટીકાઓ, મશ્કરીઓ, અડચણો, સહીને પણ ઝાલોદ આશ્રમને સ્થિર કર્યો.ભીલ સેવા મંડળના આદર્શ મુજબ વ્યવહારુ શિક્ષણ, પરંપરાગત ધંધાઓમાં વૈજ્ઞાનિકતા, સામાજિક-ધાર્મિકો કુરિવાજો નાથવા મધ્યમમાર્ગે કામગીરી કરી. [૬]

લક્ષ્મીદાસે પૂજય ઠક્કરબાપાની ગેરહાજરીમાં ભીલ સેવા મંડળનું સુકાન પણ સંભાળ્યું હતું.મંડળને બૌધ્ધિક નેતાગીરી પૂરી પાડી.પંચમહાલ જિલ્લામાં ગાંધીજીના કેટલાક રચનાત્મક કાર્યક્રમોનું અમલીકરણ કરવાનું નેતૃત્વ લીધું અને આદિવાસી વિકાસ માટે અનેક પ્રકારની યોજનાઓ કરી.શ્રીકાંતભાઈ ગામડામાં જઈ ભીલ ભાઈઓને સમજાવી તેમના બાળકોને આશ્રમમાં ભણવા અને સંસ્કાર આપવા તેડી લાવતા અને સ્થિર થતાં બાળકોને આશ્રમમાં દાખલ કરતા હતા.આમ,આદિવાસી બાળકોને શિક્ષણ અને સંસ્કાર આપતા હતા.તેમના ધર્મપત્ની લક્ષ્મીબહેન પણ તેમને મદદરૂપ થતાં અને તેમના કાર્યોમાં સાથ આપતા.આમ, પતિ-પત્ની બંને આદિવાસીઓની સેવા કરવા માટે સતત કાર્યશીલ રહેતા.

૭. મલાવ જંગલ સત્યાગ્રહ

ઈ.સ.૧૯૩૦માં ગાંધીજીએ પંચમહાલની શક્તિઓને પીછાની તારીખ ૧૫ એપ્રિલ ૧૯૩૦ના રોજ જંગલ સત્યાગ્રહ માટે લક્ષ્મીદાસ શ્રીકાંતને ઉદ્દેશીને પત્ર લખ્યો હતો. મલાવ જંગલ સત્યાગ્રહની આગેવાની ભીલસેવક લક્ષ્મીદાસ શ્રીકાંતે લીધી હતી.જંગલ સત્યાગ્રહ પંચમહાલની ભૌગોલિક સ્થિતિને સુસંગત હતો અને નેતાઓએ સ્વરાજ પ્રાપ્તિ માટે આદિવાસીઓને આ સત્યાગ્રહમાં જોડ્યા.સત્યાગ્રહીઓએ સત્યાગ્રહના સ્થળ તરીકે કાલોલ

Copyright© 2024, IEASRJ. This open-access article is published under the terms of the Creative Commons Attribution-NonCommercial 4.0 International License which permits Share (copy and redistribute the material in any medium or format) and Adapt (remix, transform, and build upon the material) under the Attribution-NonCommercial terms.

Volume : 09 | Issue : 03 | March 2024 | e-ISSN : 2456-5040

તાલુકાનું મલાવ ગામ નક્કી કર્યું. મલાવ ઈનામદારી બિન આદિવાસી ગામ હતું.ગોચરની ૪૦૦ એકર જમીનમાં સત્યાગ્રહ કરવામાં આવ્યો. સ્થાનિક કક્ષાની હિતોની લડત હોવાથી સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું. લડતના કાર્યક્રમ મુજબ ઘાસના બીડમાંથી હાથ વડે ઘાસ ઉખેડીને અને ઢોરોને બીડમાં છૂટા ચરવા મૂકી દેવાની યોજના હતી.ગાંધી પ્રેરિત અહિંસાના સિદ્ધાંતોનું પાલન થાય તે માટે લક્ષ્મીદાસ શ્રીકાંતે દાતરડા અને કુહાડી જેવા હથિયારોનો નિષેધ કર્યો હતો. આમાં ગાંધીજીના અહિંસાનો સિદ્ધાંત હતો. આ સત્યાગ્રહ ૨૬ સપ્ટેમ્બર ૧૯૩૦ ના રોજ શરૂ થયો હતો. માત્ર બે કલાકમાં સત્યાગ્રહ પૂરો થયો. મલાવ જંગલ સત્યાગ્રહને નેતૃત્વ પૂરૂં પાડવા બદલ તેમને કલમ ૨૬ ડી, ૧૪૩ અને ૧૧૭ અનુસાર ૧૧ માસની સજા કરવામાં આવી. [૭]

## ૮. સમાપન

વૈભવશાળી ગર્ભશ્રીમંત કુટુંબમાં જન્મ ધારણ કરેલ હોવા છતાં સ્વખુશીથી દેશદાઝની લાગણીથી દોરાઈ ગાડીબગી, ધનદોલત વગેરે ત્યજીને આદિવાસીઓ અને નીચલા વર્ગના લોકોની સેવા પાછળ શ્રી લક્ષ્મીદાસ શ્રીકાંતભાઈએ લોકસેવા કાજે પોતાનું જીવન સમર્પિત કર્યું. પૂ. ઠક્કરબાપાએ સ્થાપેલ ભીલ સેવા મંડળના આજીવન સેવક અને ટ્રસ્ટી તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી. આઝાદી બાદ તેઓ પહેલા આદિજાતિ કમિશનર બન્યા હતા. આમ, દેશસેવા અને લોકસેવામાં તેમણે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કર્યું.

## સંદર્ભસૂચિ


૧. ભીલ સેવા મંડળ દાહોદ, સુવર્ણ જયંતિ મહોત્સવ અંક માર્ચ, ૧૯૮૦, પૃ. ૨૫
૨. એજન પૃ. ૨૫
૩. લક્ષ્મીદાસ શ્રીકાંત, મારું ગાંધીયુગનું ઘડતર, દાહોદ, પૃ.૩
૪. ભીલ સેવા મંડળ દાહોદ, સુવર્ણ જયંતિ મહોત્સવ, અંક માર્ચ,૧૯૮૦, પૃ. ૨૬
૫. વાઘેલા અરુણ,પંચમહાલ જિલ્લામાં ગાંદીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ અને સ્વાતંત્ર્ય સૈનિકો, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ,વર્ષ-૨૦૨૨ પૃ. ૧૦૧
૬. એજન પૃ. ૧૦૧
૭. ડાહ્યાભાઈ દવે, શ્રી કાલોલ તાલુકા મહાસભા સમિતિનો ૧૯૩૦-૩૧ના વર્ષનો અહેવાલ, ૧૯૩૧,પૃ.૮